Downloaded From:http://prashantgavaniya.blogspot.in/

સાધન કેન્દ્ર
આ/જા.નં.
તા.

(છ) નિયમિત પુસ્તક વાંચનની પ્રવૃત્તિ થાય તેવું આયોજન.
(જ) દર માસે કરેલ પ્રવૃત્તિઓનું ડોક્યુમેન્ટેશન.
મળેલ ગ્રાન્ટ નીચે મુજબ વાપરી શકાશે.

## ગણિત-વિજ્ઞાનમંડળ આધારિત શાળાકીય પ્રવૃત્તિઓનું સંભવિત આયોજન

| માસનું નામ | ગણિત-વિજ્ઞાન મંડળે નક્કી કરેલ પ્રવૃત્તિ | સંભવિત ખર્ચ | ખર્ચનું વિવરણ |
|---|---|---|---|
| જુલાઈ | **વાર્ષિક આયોજન**<br>સાયન્સ કેલેન્ડર બનાવવું<br>પ્રોજેક્ટ, શાળાના વૃક્ષ, છોડ અને ક્ષુપ<br>પાઠ્યક્રમમાં સમાવિષ્ટ વનસ્પતિના છોડ ઉછેરવા<br>૧૫ જુલાઈથી ૨૨ જુલાઈ સૂર્યગ્રહણ સપ્તાહ<br>આરોગ્ય કેન્દ્રની મુલાકાત<br>વિજ્ઞાન પુસ્તકોના વાંચનની પ્રવૃત્તિ | ૨૫૦/- કેલેન્ડર ખર્ચ<br>૧૨૫/- સ્ટેશનરી<br>૧૫૦/- છોડ<br>૨૦૦/- આકાશદર્શન સ્ટીકર<br>૫૦/- અહેવાલ અને ફોટા માટે | સાયન્સ કેલેન્ડર આધારે સમગ્ર વર્ષ દરમિયાન માસવાર પ્રવૃત્તિઓ કરાવી શકાય.<br>૨૦૦ પાનાંનો ચોપડો, સ્કેચપેન, હેક્સો બ્લેડ, કટર, કાતર, અન્ય સ્ટેશનરી તથા કોરા કાગળ<br>ધોરણ ૫થી ૭માં ૨૦ પ્રકારની વનસ્પતિ છે તેવા છોડ ઉછેરવા.<br>કોઈ એક વર્ગની છત ઉપર કોઈ માસનું આકાશ દોરાવી શકાય.<br>આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈ માહિતી મેળવવી. |
| ઓગસ્ટ | ૧૨મી ઓગસ્ટ વિક્રમ સારાભાઈના જન્મદિનની ઊજવણી<br>શાળાના વિજ્ઞાનના સાધનોનું પ્રદર્શન<br>વિજ્ઞાનના પેરિસ્કોપ, કેલિડોસ્કોપ જેવા સાધનો બનાવવા | ૨૫/- ફોટાની ખરીદી<br>૨૫/- સ્ટીકર ખર્ચ<br>૨૦૦/- પૂર્વતૈયારી ખર્ચ | વક્તા નિમ્યા હોય તેનું ખર્ચ અને ફોટા પાડ્યા હોય તો તેનું ખર્ચ.<br>દરેક સાધન પર સ્ટીકર લગાડી તેની ઓળખ કરાવી શકાય. સાધન બનાવવાનો ખર્ચ. |
| સપ્ટેમ્બર | લાકડાની પ્રશ્નપેટી બનાવવી<br>ગણિત કોયડાનો અંક બનાવવો.<br>વિજ્ઞાનના વાંચેલ પુસ્તકો આધારિત વક્તૃત્વ સ્પર્ધા<br>ગણિત-વિજ્ઞાન ક્વિઝ<br>તાર્કિક પ્રશ્નોની ચર્ચા | ૨૫૦/- આશરે<br>૭૫/- સ્ટેશનરી ખર્ચ<br>૫૦/- ૧થી ૩ નંબર આવેલ બાળકોને ઈનામ<br>૨૫૦/- ખર્ચ પેટે | લાકડાની પ્રશ્નપેટી બનાવી શકાય<br>વધુને વધુ વિદ્યાર્થીઓ કોયડા ઉકેલ શોધે તે માટે કાગળ-સ્કેચપેન માટેનું ખર્ચ<br>પુસ્તકો તથા યોગ્ય સાહિત્ય ભેટ આપી શકાય.<br>સ્ટેશનરી તથા સંદર્ભ સાહિત્ય |
| ઓક્ટોબર | વિજ્ઞાન સી.ડી. નિદર્શન<br>કરાવવું<br>વનસૃષ્ટિ અંતર્ગત પ્રવૃત્તિઓ કરાવી શકાય<br>૩ ઓક્ટોબર,વ્યસનમુક્તિ દિવસ | ૧૦૦/.-<br>માટે સ્ટશનરી ખર્ચ<br>૫૦/- સારો અંક બનાવનાર ૧થી ૩ નંબરના વિદ્યાર્થીઓને ઈનામ આપી શકાય | અંક બનાવવા વિજ્ઞાનની વિવિધ પ્રકારની સીડી બતાવી શકાય<br>વનસૃષ્ટિ અંતર્ગત પ્રવૃત્તિઓ. (વિવિધ પ્રકારના વન્યજીવો અને વનસ્પતિ વિશે માહિતી આપી તે અંતર્ગત અંક બનાવી શકાય.)<br>ગામમાંથી ગુટખાના પાઉચ અને પ્લાસ્ટિક એકઠા કરી નાશ કરવો વ્યસનમુક્તિ સંકલ્પ કરવો. |

Downloaded From:http://prashantgavaniya.blogspot.in/

| માસનું નામ | ગણિત-વિજ્ઞાન મંડળે નક્કી કરેલ પ્રવૃત્તિ | સંભવિત ખર્ચ | ખર્ચનું વિવરણ |
|---|---|---|---|
| નવેમ્બર | ૧૪થી ૨૦ નવેમ્બર પુસ્તક સપ્તાહ નિમિત્તે પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવું<br>ગણિત કોયડા સ્પર્ધા, ૨૦થી ૧૫૦ બાળકો<br>૧૦ નવેમ્બર, વિશ્વવિજ્ઞાન દિવસ | ૨૫૦/-<br>પુસ્તક માટે<br>૫૦/- ઝેરોક્ષ કોયડાની પ્રશ્નાવલી | વિજ્ઞાન ગણિત પુસ્તક પ્રદર્શન યોજવું અને બાળકોના પુસ્તક અલગ તારવવા બાળપુસ્તકાલયની રચના કરવી |
| ડિસેમ્બર | વિજ્ઞાનના સાદા રમકડા બનાવવા<br>વિજ્ઞાનના પેપર કટિંગ્સના અંકો બનાવવા.<br>(વિવિધ પ્રકારના વિભાગો જેવા કે અવકાશ, વનસ્પતિ, પ્રાણી, ઊર્જા, જળ અને કોમ્પ્યુટર)<br>૨-ડિસેમ્બર પ્રદૂષણ નિવારણદિન નિમિત્તે માહિતી આપવી ૨૭થી ૩૧ ડિસેમ્બર બાલવિજ્ઞાનદિન નિમિત્તે વિજ્ઞાનને લગતા પ્રયોગો કરાવવા. | ૧૦૦/- | રો મટિરિયલ્સ અરીસા, કાચ, ખીલીઓ, ટાંકણીઓ કાર્ડપેપર, ફેવિકોલ વગેરેનો ખર્ચ<br>વધુમાં વધુ કટિંગ્સ એકઠા કરી કાગળ અને સ્કેચપેન લાવી અંક બનાવી શકાય.<br>પ્રદૂષણ અટકાવવા માટે ધ્યાનમાં રાખવાની બાબતો સમજાવી શકાય.<br>શાળાના સાધનોનો ઉપયોગ કરી બાળકોને લગતા પ્રયોગો કરાવી શકાય |
| જાન્યુઆરી | વાંચેલ પુસ્તકો આધારિત ક્વિઝ<br>અંધશ્રદ્ધા નિવારણના પ્રયોગો કરાવવા<br>પતંગ હરિફાઈ | ૫૦/- ૧થી ૩નંબરના વિદ્યાર્થીઓને ઇનામ<br>૧૦૦/- મટીરીયલ્સ ખર્ચ | વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરી શકાય<br>નિયત કરેલ પ્રવૃત્તિ માટે જરૂરી વસ્તુઓ લાવવાનો ખર્ચ બાળકો માટે થાડા ઘણા<br>પતંગ લાવી પતંગ હરિફાઈનું આયોજન કરી શકાય |
| ફેબ્રુઆરી | વિજ્ઞાન ધોરણ ૫થી ૭ના પ્રયોગોનું વિદ્યાર્થીઓ દ્વારા નિદર્શન<br>રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઊજવણી (૨૧થી ૨૮ ફેબ્રુઆરી)<br>એક્ષ્પોઝર વિઝીટ | ૧૦૦/- મટીરીયલ્સ ખર્ચ<br>૨૦૦/- વ્યવસ્થા ખર્ચ<br>૩૫૦/- ટ્રાવેલિંગ ખર્ચ | પ્રયોગોના નિદર્શનમાં ખૂટતી વસ્તુ ખરીદી શકાય.<br>વક્તા, ફોટોગ્રાફર વગેરેમાં ખર્ચ કરી શકાય.<br>વક્તૃત્વ સ્પર્ધા અને ક્વિઝમાં પ્રથમ ૩ ક્રમાંકિત ૬ વિદ્યાર્થીઓને સાયન્સસિટી કે અન્ય વિજ્ઞાન-ગણિતના જોવાલાયક સ્થળે લઈ જવાય જેમાં અપાયેલ ખર્ચ અને બાકીનો ૫૦% ખર્ચ વિદ્યાર્થીઓ પાસેથી લઈ શકાય. |

**નોંધ :** ઉપરોક્ત ખર્ચ ફક્ત માર્ગદર્શન માટે છે. આપને કાર્યક્રમ દરમિયાન પ્રાસંગિક ખર્ચની જરૂરિયાત ઊભી થાય તો ઉપરોક્ત ખર્ચ પૈકી વધઘટ કરી સરભર કરી શકાય.

Downloaded From:http://prashantgavaniya.blogspot.in/

## સાયન્સ કેલેન્ડર-ગણિત વિજ્ઞાન મંડળ : સર્વ શિક્ષા અભિયાન મિશન

| ક્રમ | તારીખ | વિશેષ દિન | ધોરણ | શાળામાં કરવાની પ્રવૃત્તિ |
|---|---|---|---|---|
| ૧. | ૫ જૂન | વિશ્વ પર્યાવરણ દિન | ૧થી ૭ | વૃક્ષો અને તેના ઉપયોગની માહિતી, વૃક્ષારોપણ કાર્યક્રમ |
| ૨. | ૧૧ જુલાઈ | વિશ્વ વસતિ દિન | ૧થી ૭ | નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા |
| ૩. | ૧ ઓગસ્ટ | રાષ્ટ્રીય પોષણ દિન | ૧થી ૭ | નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા |
| ૪. | ૬ ઓગસ્ટ | હિરોશીમા દિન | ૧થી ૭ | પરમાણુ શસ્ત્રોના ફાયદા અને ગેરફાયદા |
| ૫. | ૧૬ સપ્ટેમ્બર | વિશ્વ ઓઝોન દિન | ૧થી ૭ | પ્રદૂષણના વિવિધ પ્રકાર અને તેના નિયંત્રણ અંગેની સમજ |
| ૬. | ૨૮ સપ્ટેમ્બર | ગ્રાહક સુરક્ષા દિન | ૧થી ૭ | ગ્રાહક સુરક્ષા અંગેની જાણકારી |
| ૭. | ૧-૭ ઓક્ટોબર | વાઈલ્ડ લાઈફ સપ્તાહ | ૧થી ૭ | વનસૃષ્ટિ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ |
| ૮. | ૧૦ ઓક્ટોબર | કુદરતી આપત્તિ નિવારણદિન | ૫થી ૭ | સ્વબચાવ અંગેની તાલીમ અને તેના ફાયદા |
| ૯. | ૧૪-૨૦ નવે. | રાષ્ટ્રીય પુસ્તક સપ્તાહ | ૧થી ૭ | વિજ્ઞાનને લગતા પુસ્તકોનું પ્રદર્શન |
| ૧૦. | ૨ ડિસેમ્બર | રાષ્ટ્રીય પ્રદૂષણ નિવારણદિન | ૫થી૭ | પ્રદૂષણ નિવારણ અંગે જનજાગૃતિ કાર્યક્રમ (નાટક) |
| ૧૧. | ૧૪ જાન્યુઆરી | ઉત્તરાયણ | ૧થી૭ | પતંગ હરિફાઈ |
| ૧૨. | ૨૧ ફેબ્રુઆરી | વિશ્વ કેન્સર દિન | ૫થી ૭ | કેન્સર વિશેની પ્રાથમિક સમજ અને વ્યસનમુક્તિ અભિયાન |
| ૧૩. | ૨૮ ફેબ્રુઆરી | રાષ્ટ્રીય વિજ્ઞાન દિન | ૫થી ૭ | વિજ્ઞાનમંડળની રચના, પ્રોજેક્ટ વર્ક, વિજ્ઞાન પુસ્તક પ્રદર્શન |
| ૧૪. | ૨૧ માર્ચ | વિશ્વ ફોરેસ્ટ્રી દિન | ૧થી ૭ | સ્થાનિક પયાર્વરણની માહિતી, વનભોજન, પ્રોજેક્ટ વર્ક |
| ૧૫. | ૨૨ માર્ચ | વિશ્વ જળ દિન | ૧થી ૭ | ગામની સિંચાઈ યોજનાની મુલાકાત, પ્રોજેક્ટ વર્ક, વક્તૃત્વ સ્પર્ધા |
| ૧૬. | ૭ એપ્રિલ | વિશ્વ સ્થળાંતરીય પક્ષીદિન | ૧થી ૭ | બાળકોને વિવિધ પક્ષીઓની ચાર્ટ દ્વારા ઓળખચિત્રો તૈયાર કરવા |
| ૧૭. | ૭ એપ્રિલ | ગુજરાત સ્થાપના દિન | ૧થી ૭ | વક્તૃત્વ સ્પર્ધા, પ્રવાસ પર્યટન |
| ૧૮. | ૨૧ એપ્રિલ | વિશ્વ ખગોળ (વિદ્યા)દિન | ૧થી ૭ | વ્યસનમુક્તિ અભિયાન, વ્યસનથી થતા રોગના ચાર્ટનું નિદર્શન |

## વિજ્ઞાન-ગણિત મંડળની પ્રવૃત્તિઓ

- ★ ગણિત-વિજ્ઞાન દિન કે સપ્તાહની ઉજવણી
- ★ ગણિત શાસ્ત્રી કે વૈજ્ઞાનિકોના જન્મદિનની ઉજવણી
- ★ ગણિત-વિજ્ઞાનના ટી.એલ.એમ. નિર્માણ
- ★ વર્ગમાં પ્રશ્નપેટીનું આયોજન
- ★ ગણિત-વિજ્ઞાન કોર્નર
- ★ ગણિત-વિજ્ઞાન પ્રયોગશાળા
- ★ કોયડા ઉકેલ સ્પર્ધા
- ★ ગણિત ગમ્મતની પ્રવૃત્તિઓ
- ★ ગણિત-વિજ્ઞાનનું પુસ્તકાલય
- ★ શાળાની વિજ્ઞાન લેબના સાધનોની સફાઈ તથા નિદર્શન
- ★ ધોરણ-૫થી ૭ના તમામ પ્રયોગ વિદ્યાર્થી પાસે કરાવવા
- ★ શાળાની કંપાઉન્ડ વોલની લંબાઈ માપવી
- ★ શાળાના ઓરડાનું અને બ્લેક બોર્ડ ક્ષેત્રફળ શોધવું
- ★ શાળાની પાણીની ટાંકીનું ઘનફળ માપવું
- ★ જાદુના પ્રયોગો કરી તેમાં રહેલું વિજ્ઞાન જાણવું
- ★ શાળાના વૃક્ષોના પ્રકાર પ્રમાણે સ્તંભ આલેખ દોરવા
- ★ વર્ગના બાળકોનું સરેરાશ ઊંચાઈ/વજન શોધવું
- ★ વૈજ્ઞાનિકો અને તેમની શોધો વિશે વક્તૃત્વ સ્પર્ધા

Downloaded From:http://prashantgavaniya.blogspot.in/

ઉપરોક્ત આયોજન અને કેલેન્ડરને બાળકો સમક્ષ સમૃદ્ધ રીતે રજૂ કરી શકાય તેવી ગણિત-વિજ્ઞાન મંડળની પ્રવૃત્તિઓની યાદી

**વિજ્ઞાનના સરળતાથી બનાવી શકાય તેવા સાધનો**

★ સાદો વિજપરિપથ

★ પેરિસ્કોપ

★ કેલિડોસ્કોપ

★ ઉચ્ચાલનનો સિદ્ધાંત સાબિત કરવા માટેનું સાધન

★ પિનહોલ કેમેરા

★ ગુણક પરાવર્તનનો સિદ્ધાંત દર્શાવતું સાધન

★ હૃદયના ધબકારા માપવા માટેનું સાધન

**વિજ્ઞાનના સાધનોની ઓળખ - નિદર્શન અને નામકરણ**

★ પ્રયોગશાળાના વિવિધ સાધનોનું બાળકો સમક્ષ નિદર્શન કરાવી તેની ઓળખ કરાવવી. આ સાધનો પર શક્ય હોય ત્યાં તેમના નામના સ્ટીકર ચોંટાડી નામકરણ કરી શકાય.

★ આ સાધનોમાં કસનળી, બીકર, બ્યુરેટ, પિપેટ, અંકિત નળાકાર, સ્થળાંતર પાત્ર, વિવિધ પ્રકારના ચુંબક વગેરે લઈ શકાય.

**વૈજ્ઞાનિકોને ઓળખો**

★ ભારતીય અને બિનભારતીય વૈજ્ઞાનિકો અને ગણિતશાસ્ત્રીઓ વિશે માહિતી એકત્ર કરી તેનો એ અંક બનાવી શકાય, તેના વિશે ચર્ચા કરી શકાય તેમજ શાળામાં આ વૈજ્ઞાનિકો અને ગણિતશાસ્ત્રીઓની વક્તૃત્વ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધા પણ યોજી શકાય.

★ આ વૈજ્ઞાનિકો અને ગણિતશાસ્ત્રીઓમાં ડો. વિક્રમ સારાભાઈ, આર્યભટ્ટ, ડો. હોમી ભાભા, ન્યુટન, આલ્બર્ટ આઈનસ્ટાઇન, ડો. જગદીશચંદ્ર બોઝ, ગેલેલિયો, એડવર્ડ જેનર, શ્રીનિવાસ રામાનુજ, કલ્પના ચાવલા, વરાહ મિહિર વગેરે લઈ શકાય.

**જાદુના પ્રયોગો દ્વારા વિજ્ઞાનની સમજ :**

★ અંધશ્રદ્ધા નિવારણ માટે વિવિધ જાદુના પ્રયોગો બાળકોને બતાવી તેમાં રહેલું વિજ્ઞાન સમજાવી શકાય. દા.ત.

★ કુમકુમના પગલા પાડવા

★ નાળિયેરમાંથી ચુંદડી બહાર કાઢવી

★ પાણી છાંટી કાગળ સળગાવવો

★ નાડાછડીનો રંગ બદલવો

**ઘટના નિદર્શન :**

★ વિશ્વમાં બનતી વિવિધ પ્રકારની કુદરતી ઘટનાઓ ઘટવા પાછળનું કારણ અને ઘટના કેવી રીતે બને છે તે સીડી અથવા વિડિયો ક્લિપિંગ દ્વારા સમજાવી શકાય.

★ દા.ત. ભૂકંપ, વરસાદ, વાવાઝોડું, મેઘધનુષ, વીજળીના ચમકારા, સૂર્યગ્રહણ-ચંદ્રગ્રહણ વગેરે.

**પ્રયોગ નિદર્શન**

★ પાઠ્ય પુસ્તકમાં સમાવિષ્ટ પ્રયોગો શિક્ષકના સીધા માર્ગદર્શન હેઠળ બાળકો દ્વારા કરાવી શકાય. બાળકો પાસે ન કરાવી શકાય તેવા પ્રયોગોનું શિક્ષક દ્વારા ફક્ત નિદર્શન કરાવી શકાય. આ માટે નીચેના પ્રયોગો લઈ શકાય.

★ ચુંબકના સમાન ધ્રુવ વચ્ચે અપાકર્ષણ અને અસમાન ધ્રુવો વચ્ચે આકર્ષણ થાય છે.

★ એસિડ અને બેઇઝ વચ્ચે થતી તટસ્થીકરણની પ્રક્રિયા.

Downloaded From:http://prashantgavaniya.blogspot.in/

★ ઘટકોને છૂટા પાડવા માટેની પ્રક્રિયા.

★ ઘનપદાર્થોમાં ઉષ્માનું સંચારણ ઉષ્માવહનની રીતે થાય છે.

★ વનસ્પતિ બાષ્પોત્સર્જનની પ્રક્રિયા કરે છે.

★ ઓક્સિજન, કાર્બન ડાયોક્સાઇડ અને હાઇડ્રોજન વાયુ બનાવવો

★ અનિયમિત આકારના પદાર્થનું કદ શોધવું.

**ગણિત વિજ્ઞાન ક્વિઝ**

★ બાળકોની બુદ્ધિશક્તિ - તર્કશક્તિ વિકસે અને જિજ્ઞાસા પ્રેરે તેવા પ્રશ્નોનો ઉપયોગ કરી ક્વિઝ સ્પર્ધા યોજી શકાય.

**પેપર કટિંગ્સ અંક**

★ વર્તમાનપત્રોમાં આવતા વિજ્ઞાનના વિવિધ પ્રકારના લેખો, ઘટનાઓ, ચિત્રો વગેરેને એકત્ર કરવાની પ્રેરણા બાળકોને આપવી. બાળકો આ કટિંગ્સ એકત્ર કરી તેનો એક અંક શાળા કક્ષાએ રાખે અને દરેક બાળક તેનો યોગ્ય ઉપયોગ કરી શકે તેવું આયોજન કરવું.

**વિજ્ઞાન ગણિત કોર્નર**

★ ગણિત અને વિજ્ઞાનનું વિવિધ પ્રકારનું સંદર્ભ સાહિત્ય, અંક, રમકડાં, બાળકોએ કરેલ પ્રવૃત્તિઓ, પ્રોજેક્ટ કાર્ય વગેરેનો સમાવેશ વિજ્ઞાન ગણિત કોર્નરમાં કરી શકાય.

★ શાળામાં આવતા વિજ્ઞાનના સામયિક પણ આ જગ્યાએ મૂકી શકાય જેથી બાળકો તેનો છૂટથી ઉપયોગ કરી શકે.

**પર્યાવરણ સંરક્ષણ**

★ બાળકોમાં પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા માટે અક્ષયપાત્ર, પક્ષીપરબ, પંખીઘર, અભયારણ્યોની જાણકારી/જરૂરિયાત, જીવદયા વગેરે પ્રવૃત્તિઓની સમજ આપી શકાય.

★ પ્રદૂષણ નિયંત્રણ માટેના ઉપાયો વિશે ચર્ચા/વક્તૃત્વ સ્પર્ધા યોજી શકાય અને પ્રદૂષણથી થતાં ગેરફાયદા વિશે સમજાવી શકાય.

**ગણિતના મોડેલ્સ અને પઝલ્સ**

★ બાળકોની તર્કશક્તિ વિકસે તેવા વિવિધ મોડેલ્સ અને પઝલ્સ બનાવી શકાય.

★ દા.ત. ટેનગ્રામ, લંબચોરસમાંથી ચોરસ બનાવવો, ચાર કાટકોણ ત્રિકોણ અને ચોરસમાંથી મોટો ચોરસ બનાવવો.

★ ૩x૩x૪x૪x૫x૫ના ચોરસમાં અંકો ગોઠવવાની રમત.

★ આ માટે વધુ માહિતી માટે ગિજુભાઈ ભરાડ દ્વારા નિર્મિત ગણિત મોડેલ્સ-૧ અને ગણિત મોડેલ્સ-૨ પુસ્તકનો ઉપયોગ કરી શકાય.

**કોયડા ઉકેલ**

★ બાળકોની વયકક્ષાને અનુરુપ વિવિધ પ્રકારના ગાણિતીક કોયડાઓનો અંક બનાવી શકાય.

★ આ કોયડાઓને સમયાંતરે બાળકો દ્વારા ઉકેલવાની પ્રવૃત્તિ કરાવી શકાય. આ માટે પણ ગણિત કોયડા નામના સાહિત્યનો ઉપયોગ કરી શકાય.

**ગણિત ગમ્મત**

★ બાળકોને ગણિતમાં રસ લેતા કરવા માટે ગણિત ગમ્મતની વિવિધ પ્રવૃત્તિઓ, અંક કરામતની પ્રવૃત્તિઓ, કેલ્ક્યુલેટર કરામતની પ્રવૃત્તિઓ કરાવી શકાય. આ માટે વિવિધ પ્રકારના સંદર્ભગ્રંથો ઉપયોગમાં લઈ શકાય.

**ક્રોસવર્ડ**

★ ૧૫x૧૫નો ચોરસ બનાવી તેમાં વિવિધ મૂળાક્ષરો યોગ્ય રીતે ગોઠવી વિવિધ ગુણધર્મોને આધારે શબ્દો શોધવા.

★ દા.ત. અનાજ-કઠોળ, પાણીમાં ડૂબતી-તરતી વસ્તુઓ, સજીવ-નિર્જીવ, તત્ત્વ-મિશ્રણ-સંયોજન વગેરે.



Downloaded From:http://prashantgavaniya.blogspot.in/